

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તાપંખીની આંખ પર તીર તાકીને બેઠાં'તાં,*
*જયલલિતા જાય ની રાહમાં ટાંપીને બેઠાં'તાં,*
*ચાંપીને બેઠાં'તાં ચિનગારી રાજ્યની શાંતિ પર -*
*છતાંય અમ્મા સખી ભાવે એને ઢાંકીને બેઠાં'તાં...*
*(મહત્ત્વાકાંક્ષી શશીકલા)*

હાઈકુ

*ધ્રૂજાવી ગઈ,*
*લ્યો ! નલિયા ની ઠંડી -*
*ભાજપ ને જ...*
*(સેકસકાંડ નો ઉંચો પારો)*

*યુવા હૈયાંને -,*
*હવે તો ક્ષણે ક્ષણે -*
*વેલેન્ટાઈન!*
*(મુક્ત અભિવ્યક્તિ)*

### ચિંતન

*સત્યં પરઃ સદાચારઃ સત્યં ધર્મસ્ય જીવનમ્ ।*
*સત્યં દેવસ્ય રૂપં ચ સર્વ સત્યે પ્રતિષ્ઠિતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંતી લેવામાં આવેલ છે.

સત્ય મોટો સદાચાર છે. સત્ય ધર્મનું જીવન છે, સત્ય એ દેવનું રૂપ છે. બધું સત્યમાં સમાયેલું છે.

આજના યુગમાં ખોટો દંભ- જૂઠ-બનાવટી વર્તન - તદ્દન ખોટાં લબાડી વચનો ખોટા વખાણ-આકાશી આશાઓ આપી સામાન્ય નેતા પર ઊંચાં પરની પ્રાપ્તિ કરી લે છે એ પિત્તળના આભૂષણ પર લગાડેલાં સોનાંનું પાણી જેવું છે એનો લાભ કાયમ રહેતો નથી એ ગિલિટવાળું પાણી ઉતરી જાય ત્યારે દંભી આત્મા પાધરો પડે છે.

આ શ્લોક 'સદાચાર' એ જ સત્ય છે, સત્ય જ સાચો ધર્મ છે, નિખાલસ ખુલ્લી કિતાબ જેવું પારદર્શક સત્ય જીવન એ જ સાચું 'ધર્મ-જીવન' છે. બધું સત્યમાં જ સમાયું છે.

### સુવિચાર

- લાગણીને હથિયાર બનાવીને વાપરી શકાતી નથી, બદનસીબે એને ઢાલ પણ નથી - **કાજલ ઓઝા વૈદ્ય**
- હું અસફળ રહ્યો હોઈશ નિષ્ફળ નથી ગયો અને જે અસફળ રહે છે તેના ચાન્સીસ છે સફળ થવાના... - **ડો. દિપક ચોપરા**
- આસ્તિક એટલે એવો માનવી કે જે હવાંતિયા મારવાને બદલે કુદરતના વહેણ સાથે વહે છે - **ડો. શ્વાઈત્ઝર**
- જેમ ડૂબતો માણસ એની સર્વ શક્તિઓને માત્ર અને માત્ર 'સ્વ' ને બચાવવામાં કેન્દ્રિત કરે છે તેમ જો સઘળી ચેતના માત્ર ને માત્ર ઈશઅવર તરફ જ દોરાયેલી હોય તો 'હરિ' મળે જ - **રામકૃષ્ણ પરમહંસ**
- 'સમય, સંજોગ અને વ્યક્તિ' આ ત્રણ પરિબળો ભાગ્યે જ સાથ આપે છે, આ ત્રણમાંથી એક કે બેની ગેરહાજરી જ હોય છે... જે આનંદને ખંડિત કરે છે - **સંત રોબિન**
- ઈશ્વરને જાણ છે જ કે તેમને સંગા-સંબંધીઓ આપવામાં એણે ભૂલ કરી છે અને એની માફી ઈશ્વર તમને સુંદર મિત્રોની સોગાદ આપી ને માંગે છે - **જ્યોર્જ ફ્રેઝર**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

'હિંદુત્વ'ની રીતે નથી કહેતો પણ સામાન્ય રીતે જોનારા એવું કહી શકે માંસ ભક્ષણ કરનારા જ લગભગ નિર્દય-હિંસક હોય છે. આતંક-ચોરી-લૂંટ-દુરાચાર-ગુન્હાઈત કર્મોમાં બહુધા માંસભક્ષણ કરતી પ્રજામાં જ નામો જાહેર થતાં હોય છે.

મહાત્મા ટોલ્સટોયે પણ કહ્યું છે કે તામસી અને મસાલેદાર આહારથી જીભ-સ્વાદની લોલૂપતા વધે છે અને વાસના અને દૂરાચાર મોટેભાગે માંસ ભક્ષણ અને ખાવાપીવાના શોખીન હોય છે.

ટોલસ્ટોયે સદાચારી જીવનનો બીજો પણ વિકલ્પ બતાવ્યો છે. 'સખત પરિશ્રમ' સતત મહેનત પુરુષાર્થ કરનારને થાકને કારણે - કામમાં 'કામ'નો વિચાર જ આવતો નથી.

એક ખેડૂત અશક્ત યુવાનને ટોલ્સટોયે હજુ સુધી લગ્ન કેમ નથી કર્યા એમ પૂછ્યું ત્યારે યુવાને કહ્યું, ખેતીના કામમાં સતત પ્રવૃત્ત રહું છું મને 'સ્ત્રી'ની જરૂર જ જણાતી નથી. રાત્રે ખાઈ-પી થાકને કારણે તરત ઊંઘી જાઉં છું.

# પ્રેમ એટલે... નફરતની ગેરહાજરી

**તંત્રીસ્થાનેથી...**

દુનિયા આખી નફરતની હોળી ખેલી રહી હોય, માણસ જ માણસના લોહીનો તરસ્યો બની ગયો હોય, ચારેકોરો કાળો ડિંબાગ અવિશ્વાસના માહોલ ફેલાયો હોય ત્યારે ચૌદમી ફેબ્રુઆરીનો સૂરજ જો ક્ષણિક પ્રેમનો સંદેશો લઈને ઊગતો હોય તો તે જરૂર એક આશ્વાસક ઘટના ગણાવી જોઈએ. મનુષ્ય નામનું સૃષ્ટિનું સૌથી પ્રબુદ્ધ પ્રાણી એના ટૂંકા જીવનકાળ દરમિયાન અનેક યાતનાઓમાંથી ગુજરતું રહે છે. માતાના ગર્ભગૃહથી સ્મશાનગૃહ સુધીની એની યાત્રા એક વિઘ્નદોડ જેવી જ હોય છે. પરંતુ અણધાર્યા પડકારો વચ્ચે એને જીવવાનું બળ આપે છે કોઈની નાજુક આંગળીઓના ટેરવાનો સ્પર્શ, કોઈની છાતીના પીંજરામાં કોળેલો ટહુકો, કોઈને મળવાનો ઉમળકો; કોઈ કૂણી કુમળી આંખોમાં આંખો પરોવીને માનવી પોતાનાં હજાર ગમ વીસરી શકે છે. આ અદ્ભૂત રસાયણ નરી નજરે દષ્ટિગોચર ભલે ન થઈ શકતું હોય પરંતુ આખરે તો એ જ અમૃતસંજીવની છે. આ પ્રેમતત્ત્વ માતાની આંખથી લઈ પ્રેયસીની હૈયાસગડી સુધી અને બાલિકાના વહાલા-કાલા સ્મિત પર્યંત વિસ્તરેલું છે. કબીર જેવા સિદ્ધ સંતે પણ કબૂલવું પડ્યું છે કે પોથીઓ પઢી લેવાથી પંડિત થઈ જવાય એ વાતમાં માલ નથી. 'ઢાઈ અચ્છર પ્રેમ કા પડે સો પંડિત હોય.' આવા પ્રેમ તત્ત્વના પરમ સમર્થક સંત વેલેન્ટાઈને એમના ઉમદા અને ઉદાત્ત વિચારોનો પ્રચાર કરતાં કરતાં રૂઢિવાદી સમાજના હિંસક પ્રત્યાઘાતો ઝીલી બલિદાન આપ્યું, તે કોઈ નાની સૂની ઘટના નથી. સમકાલીન સમાજે એમની ઉપેક્ષા કરી પરંતુ પાછળની પેઢીઓએ એમનો મલાજો જાળવી અમર કરી દીધા. એ દષ્ટિએ જોઈએ તો સત્કાર્યો ક્યારેય વ્યર્થ જતાં નથી એ ગીતાબોધ સાચો લાગે. ભગવાન કૃષ્ણ કહે છે : ન હિ કલ્યાણકૃત કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ - સારું કરનારનું ક્યારેય ખોટું થતું નથી. કૃષ્ણથી મોટો પ્રેમસમર્થક દુનિયાએ જોયો નથી. સંત વેલેન્ટાઈનની સ્મૃતિ સાથે આખી દુનિયામાં રંગેચંગે ઊજવાતું પ્રેમપર્વ એ પાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃત અસર છે એમ કહી એને ઉતારી પાડવાથી આપણે વધુ સંસ્કારી સાબિત થતા નથી. પ્રેમ અને કામનો આપણાં શાસ્ત્રોએ પણ ભરપૂર મહિમા કર્યો છે. કામને તો રીતસર દેવની કોટિમાં મૂકી દેવાયો છે અને જે કામને કારણે આ સૃષ્ટનું સર્જન શક્ય બન્યું છે, એના તિરસ્કારમાં ઔચિત્ય પણ કેટલું લેખાશે? હા, આપણે નરનારી સંબંધોની પરંપરાગત અને પ્રસ્થાપિત મર્યાદા ન ઓળંગીએ તે જરુરી છે. 'પ્રેમ' જેવા શુદ્ધ સુવર્ણને આપણે મેલી નજરે જોતા થયા તે જ મોટી કમનસીબી છે. બર્ટ્રાન્ડ રસેલ એમની આત્મકથાની પ્રસ્તાવના લખતાં પોતે ત્રણ 'પૅશન્સ'થી પ્રેરાઈને જીવતા હોવાનો એકરાર કર્યો છે : 'પ્રેમ, જિજ્ઞાસા અને કરુણા' આપણા સંત મોરારિ બાપુ પર સત્ય-પ્રેમ-કરુણાનો જ મહિમા ગાય છે. આજે વિશ્વ પ્રેમપર્વ નિમિત્તે સૌને વેલેન્ટાઈન ડે મુબારક!

# અરે.. રાખો હું ખુશીથી આપું છું



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

'સાહેબ બીજો બુટ.'

ને મારા બીજા પગનો બુટ બૂટપોલીશવાળાને આપ્યો. પોલીશ તો જાણે એ રીતે કરતો હતો કે બૂટ નહિ પણ હોય કોઈ અમૂલ્ય વસ્તુ ! બૂટને હાથમાં એ રીતે પકડી રાખ્યું હતું જાણે નાનુ બાળક ન હોય ! ખૂબ જ વ્હાલપૂર્વક મારા બૂટને એક હાથે પકડી રાખી બીજા હાથે બ્રશ ફેરવતા એ પોલીશવાળા ભાઈને હું એકીટશે જોઈ રહયો.

એક બ્રશ, બીજુ બ્રશ, ત્રીજુ બ્રશ બૂટ પર એ રીતે બ્રશ ફેરવતો જાણે આખી દુનિયાના દર્શન બૂટની ચમકમાં કરતો હોય. મને નવાઈ લાગી. કોઈ બૂટ પોલીશવાળાને પ્રથમ વખત આટલી એકાગ્રતાપૂર્વક કામ કરતો જોયો. પ્રથમ કોઈ મલમ જેવું બુટ પર લગાવ્યું. પછી એક પછી એક બ્રશ ફેરવતો ગયો. ને બૂટને ચમકાવતો ગયો. બસ એક જ ધ્યેય હતું તેનું. મારા બૂટને ચમકાવવાનું. બૂટની ચમક માટે તેણે પોતાની પાસે હતુ એટલુ બધુ જ ખર્ચી નાખ્યું. વાપરી નાખ્યું. એક જ લક્ષ્ય, બૂટ ચમકવો જોઈએ. એટલી બધી એકાગ્રતા કે એ પણ ભાન ન રહયું કે આસપાસ કોણ છે, શું કરે છે, શું બોલે છે ? બસ, એક જ ધૂન બૂટ 'બોલવા' જોઈએ. 'લો સાહેબ, બીજો બૂટ તૈયાર'. કહીને એણે મારી એકાગ્રતા તોડી. મને પણ તે જ વખતે ભાન થયુ કે હું બુટપોલીશવાળાને આટલું ધ્યાનપૂર્વક નિહાળી રહયો છું.

'કેટલા પૈસા થયા ?' 'સાહેબ, પંદર રૂપિયા.' મેં વીસની નોટ કાઢીને આપી. એણે પાંચ રૂપિયા પાછા આપવાનો પ્રયત્ન કર્યો. 'રહેને દો.' મેં કહયું પોલીશ કરવાની એમની તન્મયતા પર હું વારી ગયો હતો. 'નહી સાહેબ.'

'અરે.. રાખો હું ખુશીથી આપું છું.'

'નહિ સાહેબ, મને વધુ રૂપિયા લેવાની ટેવ પડી જશે.'

એણે પાંચ રૂપિયા મને એમ કહીને પાછા આપ્યા. હું આઘાત સાથે આશ્ચર્ય અનુભવી રહયો. પ્રામાણિકતા તેના રગેરગમાં વ્યાપેલી દેખાઈ. રાજી ખુશીથી આપેલા પાંચ રૂપિયા તેણે પ્રમાણિકતાપૂર્વક મને પરત કર્યા. 'વધુ રૂપિયા લેવાની ટેવ પડી જશે'- આ વાકય એ મારા મનોજગતનો કબજો લઈ લીધો.

મહેનત કરતાં વધુ રૂપિયા લેવાની ટેવ પડે તો ... !

સામાન્ય બૂટ પોલીશ વાળાએ જીવનનું સત્ય સમજાવી દીધુ. જરૂર કરતાં વધુ શા માટે? જેટલી જરૂર છે તેટલું જ જોઈએ.

આ પોલીશવાળો ગાંધીજીના અગિયાર મહાવ્રતોથી તદ્દ્ન અજાણ હતો. માત્ર મહેનતનું ખાતો, હરામનું અવગણતો ને પ્રલોભનથી દૂર રહેતો.

વૈષ્ણવજન તો તેને રે કહીએ..... ગાંધીજીનું પ્રિય ભજન આપણે ગાઈએ છીએ.

બૂટપોલીશવાળાએ આ ભજન સાચા અર્થમાં પચાવ્યું હતું. પરધન નવ ઝાલે હાથ રે..... કોઈ નિશાળમાં ભણવા ગયો નહોતો.

'એક દિવસમાં કેટલા કમાઈ લો છો ?' મને પૂછવાનું મન થયું. 'સાહેબ, ઘરમાં પાંચ જણાનું ગુજરાન ચાલે તેટલું મળી રહે છે.' આજે પ્રામાણિક, મહેનતુ, અલોભી માણસો મળવા મુશ્કેલ છે. ત્યારે બૂટ પોલીશવાળા ભાઈ લીમડામાં એક ડાળ મીઠી જેવા લાગ્યા.

દિલ એક મંદિર, કામ હી પૂજા આ મોટાભાગે સ્વીકારાયેલો મંત્ર છે. વ્યકિત મંદિરે ન જાય તો ચાલે, યાત્રા ધામે ન જાય તો ચાલે, નદીએ ન્હાવા ન જાય તો ચાલે, પરંતુ જે કામ હાથ પર લીધુ છે તે નિષ્ઠાપૂર્વક કરે તો તે તેની પૂજા જ છે. પોતાને સોંપેલું કામ અથવા પોતે સ્વીકારેલું કામ એ એક સાધના જ છે.

મહાન પુરુષો કામને પૂજા સમજીને વર્તે છે. કામને સત્ય, નિષ્ઠા, પરિશ્રમ અને પ્રામાણિકતાપૂર્વક કરે તો એ જ પૂજા ભકિત બની રહે છે.

નિષ્ઠાપૂર્વક પોતાનું કાર્ય કરવું એ એક પ્રકારનું તપ છે. માણસ પોતા માટે વેઠે તે તાપ અને બીજા માટે સહન કરે તે તપ. પોતાના કાર્યને પૂજામાં પરિવર્તિત કરનારા સફળતાને વરે છે. હું ગણગણતો રહયો, જરૂર કરતાં વધુ પૈસો કોણ લે ?

***મિસરી***

"જો કામ દુનિયાકો
નામુમકિન લગે
વહી મૌકા હોતા હૈ
કરતબ દિખાને કા"

(ફિલ્મ-ધૂમ-૩)

- santoshdevkar03@gmail.com

# યે મેરા પ્રેમપત્ર પઢકર કી તુમ નારાઝ ના હોના



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

Hi Jaanu,

મને ન ઓળખ્યો ? હું પ્રેમ... તારા ઘરની પાછળની ગલીમાં જ પારિજાતના ઝાડથી ઢંકાયેલ જે ઘર છે, તે ઘરમાં જ હું રહું છું... આજે તો હિંમત કરી લવ-લેટર લખી જ નાખ્યો છે... ૧૪મી તારીખ છે, વેલેન્ટાઈન ડે છે... સમય અનુકૂળ છે...

પ્રિયા, છેલ્લા લગભગ ઘણા વખતથી હું મનોમન તને ઝંખુ છું, તારા ઘરની બહાર નીકળવાના સમય, તારો કલાસથી પાછા આવવાનો સમય... વળી ડાન્સ કલાસમાં જવાનો સમય મારા જીવન સમયમાં રોજિંદા ટાઈમ ટેબલમાં વણાઈ ગયો છે.

પરમ દિવસે તે જે લીંબુ કલરનો એટલે કે નહીં બહુ પીળો કે નહીં લીલો એવા કલરનો જે ડ્રેસ પહેર્યો હતો, તેમાં તું સુપર્બ લાગતી હતી... તને દૂરથી જતા-જતા જોતા રહેવું... અને પછી દેખાતી બંધ થયા પછી પણ એ જ દિશા પકડી રાખવી છે, છે ચાહતમાં બદલાઈ રહી છે...

યાર ! આજના વ્હોટ્સ એપ અને ટ્વિટરના સમયમાં પ્રેમપત્ર લખવાની હિમાકત કરી છે, તને પસંદ પડશે કે નહીં તો તે કામદેવ જ જાણે.... Sorry... Sorry મહાદેવ જ જાણે...

પણ જોને યાર! કાલિદાસે તો વાદળને જ સંદેશવાહક બનાવીને પ્રેમનો સંદેશ મોકલ્યો હતો... તે જ કાલિદાસનો વારસ બનીને આ લવલેટર બેધડક મોકલું છું...

પ્રેમ આંધળો હોય છે! એવું કોણે કહ્યું ! પ્રેમ તો સ્વયં પ્રકાશ છે! પ્રેમ તિમિરમાં એ આગિયો છે જેણે મારા અંતરમના ચક્ષુ ખોલી નાખ્યા છે...

'એક દૂજે કે લિયે', 'કભી-કભી' અને યશરાજની બધી જ રોમેન્ટિક મૂવીઝ, કરણ જોહરની બધી પ્રેમ-પારાયણવાળી ફિલ્મો મને આજકાલ ખૂબ ગમવા માંડી છે... બધા જ રોમેન્ટીક ડ્યૂએટ હોઠો પર રમવા માંડ્યા છે... બધું જ રંગીન રંગીન દેખાય છે... નવી નવી કલ્પનાઓ અને સ્વપ્નોના મહેલનું કન્સ્ટ્રકશન હૃદયની NA કલીયર જમીન પર ચાલી રહ્યું છે.

સવારે તારું એક હાસ્ય જોઈ લીધા પછી બાજુવાળા બબૂચક પીન્ટુને પણ રમાડવાનું મન થાય છે... અને પંચાતીયા ચંપાબેનની ચોવટ પણ મીઠી લાગે છે... તું હોય તો આમ કરીશ... તું આવીશ તો અહીંયા જશું... તું જીવનરથમાં બેસી જઈશ તો.... સાગરને પાર લઈ જઈશ... ખરેખર આભના તારા તોડી લાવવા પણ અત્યારે તો સરળ જ લાગી રહ્યા છે... યાર! હું તેને અનહદ પ્રેમ કરું છું. તેનું જ આ પરિણામ છે...

પણ જયારે તમે ઉદાસ ચહેરા સાથે જોઉં છું ત્યારે હું પણ મૂંરઝાઈ જાઉં છું... પેલો પીન્ટુ મને વળી પાછો બબૂચક જ લાગવા માંડે છે, અને ચંપા માસીની પંચાત કાનમાં વાગે છે... તું નથી ત્યારે કશુ જ નથી... બધું સૂનું સૂનું છે તેવું અનુભવાય છે... આને પ્રેમ જ કહેવાય ને યાર!

પ્રિયા ! આખી દુનિયા મારી સામે થઈ જાય, પણ તું જો મારી પડખે હોય તો હું હસતો હસતો લડી જઈશ.

ખબર નહીં કેમ પણ કોઈ દિવસ ગમતા નહોતા એવા જૂના ડ્યૂએટ લતા-રફીના ગીત હમણાં મેં ડાઉનલોડ કરી દીધા છે..

કોઈ દિવસ છાપા કે પુસ્તકો વાંચવાનો શોખ નહોતો. પણ હમણાં હમણાંથી 'શરદ ઠાકર'ની 'રણમાં ખીલ્યુ ગુલાબ' કે જય વસાવડાના લેખ કે કાજલ ઓઝા વૈદ્યના લેખો વાંચવાની મજા પડે છે.... વળી ઘણીવાર તો એવું લાગે છે કે તેમણે બધાએ મારા જ મનની વાત ચોરીને લખી છે...

ગઈકાલે રસ્તામાં જતો જતો અને રસ્તામાં બોર્ડ વાંચ્યુ કે વાયોલીન અને ગિટાર શીખવવામાં આવશે... સરગમના 'સ'ની ખબર પડતી નથી પણ હું કલાસ જોઈન્ટ કરી આવ્યો બોલ!

મનના આ ઉમંગો, ઉત્સાહ અને મારી અકથ્ય લાગણીઓને મારે તારા સુધી પહોંચાડવી છે... તું જલ્દી મળને યાર! એવું અને કે તું સામે આવીને ઊભી રહી જાય ત્યારે હું મૂંગો બની જાઉં... પૂતળાની જેમ ઊભો રહી જાઉં. કાંઈ કહી જ ન શકું... અત્યારે પણ હું ખરેખર જે તને કહેવા માગુ છું અથવા લખવા માંગુ છું એ કયાં લખી શકું છું... પણ! મને ખબર છે, જો મારા જેથી જ લાગણી તને પણ મારી પ્રત્યે હશે, તો તું મારું મૂંગાપણું પણ સમજી લઈશ... મારી આંખો વાંચી લઈશ...

તને જોયા પછી તને ચાહ્યા પછી હવે તારી સાથે જ મારા શેષ જીવનની કલ્પનાઓ હું કરવા લાગ્યો છું... તારા પ્રત્યે મારા પ્રેમમાં કોઈ આછકલાઈ નથી... કોઈ બિભત્સ કે અનુચિત ચેષ્ટાઓ મારા દ્વારા કયારેય કરાઈ નથી... તેને તે અનુભવી જ હશે...

હું એક સંસ્કારી ઘરનો સભ્ય છું, પરંતુ એનો મતલબ એ તો નથી જ ને! કે હું પ્રેમ ન કરી શકું!! મને એવું લાગે છે કે મારી તારા પ્રત્યેની લાગણીની તને જ હજી જાણ નથી... બાકી આખી શેરી જાણે મારા આ રાઝ વિશે જાણી ગઈ હોય તેવી ભીતી મને રહ્યા કરે છે... હજી તો આંખોએ અણસારની આપ-લે કીધી નથી ને હથેળીએ મોરલા બેઠા નથી ત્યાં તો લોક વાતો કરવા લાગ્યું છે... હજી તો ઝંખનાની અવરજવર માંડ શરૂ થઈ ને હોઠો ને ટહુકા ફુટ્યા નથી ત્યાં તો ગામને ગંધ આવવી શરુ થઈ ગઈ છે!

અને હજી સુધી તને કેમ ખબર નથી પડી!!

મારા ઘરના પારિજાતના ફુલોની વચ્ચે આ કાગળને આખી રાત મૂકી રાખ્યો હતો... જેથી તારા હાથમાં આ કાગળ આવે ત્યારે પારિજાતની અસલ સુગંધ તારા સુધી પહોંચે મારે કોઈ સ્પ્રે કે સેન્ટ જેવી કૃત્રિમ સુગંધથી આ કાગળને સુગંધિત નહોતા કરવો...

મારો પ્રેમ પણ પારિજાતના ફુલોની સુગંધ જેવો ઓરીજીનલ છે... કોઈ ભેળસેળ નથી.... અને ભવિષ્યમાં કોઈ ભેળસેળ થશે પણ નહીં... FSSI ગુણવત્તા યુક્ત ઉચ્ચ કવૉલિટીનો ISI માર્કાવાળો મારો પ્રેમ હંમેશા રહેવાનો છે... તું આ પ્રેમને સ્વીકારીશ ને...!

લી.
પારિજાતના ઝાડવાળા
ઘરનો પ્રેમ

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# અમારે કામ જોઈએ... બહાનામાં અમને રસ નથી...



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'અમારા પાસે સખત મહેનત સિવાય બીજું કાંઈ નથી....અમારે કામ જોઈએ.... બહાનામાં અમને રસ નથી...'

આવું કોઈ કલાકાર કે સ્કીલ્ડ પર્સન કહે તો નવાઈ લાગે પણ આ મુરબ્બી કલાકારે તો એમના બ્રોશરમાં આ વાક્યો લખ્યા છે.

મળવા જેવા એ માણસનું નામ છે ડાહ્યાભાઈ નકુમ. હવે દેવભૂમિ દ્વારકા જિલ્લાનું જામ-ખંભાળીયા એમનું ગામ.એમને કોઈ પણ વ્યક્તિ સાત ટેલિફોન નંબરથી ૨૪ X ૭ ગમે ત્યારે સંપર્ક કરી શકે છે. એમની સંસ્થા આંબાવાડી કલાવૃંદ જામ ખંભાળીયા ઈન્ટરનેશનલ લેવલે કાર્યરત છે, અને કલાકારો દુનિયાના કોઈ પણ પડમાં કાર્યકર્મ કરીને પાછા ધરતીની ધૂળમાં આવીને ખેતરમાં - ઘરમાં - કુવે - કામે લાગી જાય છે.

ધ્રાંગધ્રા તાલુકાના રાજપર ગામે તાજેતરમાં એમની સંસ્થાની બહેનોએ કલાકૃતિ રજૂ કરી હતી. પ્રસંગ હતો નાજાભાઈ ધાંદર તથા ધાંધર પરિવાર આયોજિત લાખણેચી માતાજીના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો. દોઢ દાયકાની દેશ-વિદેશમાં લોકનૃત્યો રજૂકરતા ભાવિન ભટ્ટના પનઘટ કલાવૃંદ તથા વીસાવાડીના મેર રાસ ગ્રુપે પણ લોકનૃત્યો રજૂ કર્યા હતા.

ડાયાભાઈ એમની વાત માંડતા કહે છે કે ૩૬ વર્ષ પહેલાં મેં વાડી ખેતર ગામડામાં રહેતા રહેતા જોયું કે ગામની દીકરીઓ-બહેનો અને માતાઓ કુવેથી નદીએથી પાણી ભરીને આવતી હોય - માથા પર બે-ત્રણ હેલ પાણી ભરેલી હોય, રસ્તામાં બહેનપણી મળી જાય તો અડધો કલાક વાતુ કરે. મને પ્રશ્ન થતો કે આ બેડા પડતાં કેમ નથી? કયાંખી આવી સ્થિરતા આવે છે? ઉત્તર મળ્યો કે ગામડા ગામની આ મહિલાઓમાં બેલેન્સ જાળવવાની અદ્ભૂત કલા સાહજિકપણે હસ્તગત છે. આ કળા ટ્યુશન કલાસમાં નહિ શીખઈ શકાય. આ કળાને જો રંગમંચ પર લી જવામાં આવે તો આખી દુનિયા ડંગ રહી જશે. એ સમયે હું ગરબી મંડળ ચલાવતો હતો મેં એમાં પ્રયોગરુપે ઈંઢોણી પર બેડા સાથે ગરબા કરાવ્યા... લોકોને ગમ્યા. ગ્લાસ ઉપર તાળી મુકીને ગ્લાસ મુકીને ગરબા રમાડ્યા... લાકડાની ચોકડી બનાવી એમાં પાંચ જગ્યાએ બેડા રાખ્યા તો પણ બહેનો ગરબા રમી... કલાકારોનો જય જયકાર થઈ ગયો... આજે આ બહેનો ૧ થી લઈને ૫૦૧ બેડા સાથે મુકીને ગરબે રમે છે. એવી જ રીતે ૫૦૦ દીવડાનું મંદિર માથે લઈને આરતી નૃત્ય કરે છે. પાંચ હજાર દીવડાની મહાઆરતી પણ બહેનો કરે છે. દાંડીયારાસ - અઠીંગો રાસ - ટીપ્પણી - મટકી - લેગીમ રાસ - નવરંગ મુંદડી રાસ - ખીલા, તલવાર, કાચ કે અગ્નિ ઉપર નૃત્ય કરે છે હવે આ મંડળના કલાકારો - પૂરા ૪ કલાકનો કાર્યક્રમ આપે છે.

આ સંસ્થાના કલાકારોએ રશિયાની યાત્રા ત્રણ મહિનાની ટૂર પર કરી છે અને મોટાભાગના દેશોમાં લોકનૃત્યો પ્રસ્તુત કર્યા છે. એરફોર્સ હોયક કે એસ્સાર કંપની, મોરારિ બાપુની રામકથા હોય કે મસ્તક-દુબઈના કાર્યક્રમ હોય, અનેક આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં એમણે લોકનૃત્યો પ્રસ્તુત કર્યા છે. એકથી લઈને એકસો કલાકારો સુધી એમનું ગ્રુપ કલાકૃતિ રજૂ કરે છે.

ડાયાભાઈ ૧૯૭૧ના વર્ષમાં એમ.એસ. યુનિવર્સિટી વડોદરાથી એન્જીનીયર થયા છે. એમના પત્ની ડાહીબેન તમામ આયોજનોમાં એમની કોઠાસૂઝ સાથે સતત સાથે રહે છે. એમની બે પુત્રવધુઓ નીતાબહેન અને જેમેનીબહેન તથા ડાયાભાઈની દીકરી વૈશાલી અને તેની પર દીકરી દામીની સ્ટેજ પર ગરબે ઘુમે છે. ગુજરાતી સરકાર અને ભારત સરકારના અનેક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો અને આયોજનોમાં આંબાવાણી કલાગૃપની સાંસ્કૃતિક પ્રસ્તુતિ થતી રહી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અખબારો - મેગેઝીનો તથા ચેનલોએ એમના કાર્યને બિરદાવ્યું છે. દેશ-વિદેશના મહાનુભાવો અને કલાચાહકોએ તેમને પ્રેમથી - શબ્દોથી સન્માનથી વધાવ્યા છે.

ધરતીની ધૂળમાં રમનારા વિશ્વભરના લોકકલાકારોના સમર્પિત કલાસંસ્થાના આંબાવાડી કલાવૃંદ સાચ્ચે જ લોકનૃત્યોના ક્ષેત્રે ગુજરાતની અને ભારતની કલાને ચાર ચાંદ લગાવી દીધા છે.



લોકજીવનનો ભાતીગળ અને મૂલ્યવાન કલાવારસો તથા ભવ્ય સાંસ્કૃતિક વિરાસત સચવાયા છે આપણા લોકનૃત્યમાં.

નાજાભાઈ ધાંધર અને તેમના પરિવારે એમના વતનના ગામમાં શ્રી લાખણેચી માતાજીના મંદિર નિર્માણ કાર્ય ઉપરાંત લાખેમો ધરો બનાવ્યો અને તેમાં ભારતભરના કુંડ - સરોવર - નદીઓના જળ પણ પધરાવ્યા. ગાંધીનગર પ્રતિભાવંત કોરિયોગ્રાફર ભાવિન પટેલના પનઘટ ગ્રુપના કલાકારોએ પણ તેમના નૃત્ય રજૂ કર્યા.

અમદાવાદના શુકદેવ પંડ્યા લિખીત, નયનેશ જાની દ્વારા સ્વરબદ્ધ અને રાજેશ બારોટે ગાયેલી લાખણેચી માતાની આરતીના ગાનમાં સહુ જોડાયા અને ધન્ય થયા.

લોકનૃત્યોમાં સ્થિરતા, ધીરતા અને વળોટ જેવા સ્ત્રીસહજ ગુણો અને જુસ્સો - સાહસી તથા લચક અને ગતિ જેવા પુરુષ સહજ ગુણો સચવાયા છે. ગામડા ગામની કે શહેરની દીકરીઓ કે દીકરાઓ જયારે જયારે આપણી સંસ્કૃતિની અણમોલ વીરાસત સમાન લોકનૃત્યો રજૂ કરે છે ત્યારે જોનાર અને તેને રજૂ કરનાર બંનેની આસપાસ કલાના દીવડા ઝળહળે છે અને તેના અજવાળા રેલાય છે.

***તેજપુંજ :***

ગોળાકારે નર્તન કરનારના વિચારો વિલિન થાય છે - રહી જાય છે માત્ર ઉર્જા ને પછી થાય છે કયારેક કોઈને સાક્ષાત્કાર.